*This Question Paper contains 16 printed pages.*
***(Part - A & Part - B)***

Sl.No. 100393

| Set No. of Question Paper: |
|---|
| **1** |

# 13(G)

**(JULY, 2014)**

**Part - A : Time : 1 Hour / Marks : 50**
**Part - B : Time : 2 Hours / Marks : 50**

## (Part - A)

***Time : 1 Hour]*** ***[Maximum Marks : 50***

સૂચનાઓ :

1) આ પ્રશ્નપત્રના ભાગ-A માં બહુવિકલ્પીય પ્રકારના 50 પ્રશ્નો છે. બધા જ પ્રશ્નો ફરજીયાત છે.

2) પ્રશ્નોની ક્રમ સંખ્યા 1 થી 50 છે અને દરેક પ્રશ્નનો ગુણ 1 છે.

3) કાળજીપૂર્વક દરેક પ્રશ્નનો અભ્યાસ કરી સાચો વિકલ્પ પસંદ કરીને OMR શીટમાં જવાબ લખવો.

4) પ્રશ્નના જવાબ માટે OMR શીટ આપવામાં આવેલ છે. તેમાં જે તે પ્રશ્ન નંબર સામે (A) O, (B) O, (C) O, (D) O આપેલા છે. તે પ્રશ્નનો જે જવાબ સાચો હોય તેના વિકલ્પ પરના વર્તુળને બોલ-પેનથી પૂર્ણ ● ઘટ્ટ કરવાનું રહેશે.

5) પ્રશ્નપત્રકના ઉપરની જમણી બાજુંમાં આપેલા પ્રશ્નપત્રક સેટ નં. ને OMR પત્રકમાં આપેલી જગ્યામાં લખવાનું રહેશે.

---

1) ભરવાડણ સાદ પાડીને શું વેચવા નીકળી છે ?

(A) મહીં (B) માખણ

(C) છાશ (D) મુરારિ

2) શ્રી કૃષ્ણનું કેવું સ્વરૂપ મીરાંબાઈને ગમે છે ?

(A) વૃંદાવનમાં ગાયો ચરાવતું

(B) વૃંદાવનમાં મોરલી વગાડતું

(C) વૃંદાવનમાં રાસ રમતું

(D) મોર-મુગટ અને પીતાંબરથી શોભતું

3) કલાપી કઈ ભાષાઓ પોતાની રીતે શીખ્યા હતા ?

(A) અંગ્રેજી, હિન્દી
(B) સંસ્કૃત, ફારસી
(C) અંગ્રેજી, ગુજરાતી
(D) અંગ્રેજી, સંસ્કૃત, ફારસી, ઉર્દૂ

4) માનવીનું શિશુ અંતર એટલે .....

(A) બાળક જેવું નિર્દોષ હૃદય
(B) બાળક જેવું નિર્દોષ હાસ્ય
(C) બાળક જેવું મન
(D) બાળક જેવો સ્વભાવ

5) રા. વિ. પાઠકજીનું પૂરું નામ શું છે ?

(A) રામનારાયણ વિશ્વમંગલ પાઠક
(B) રામનારાયણ વિશ્વાસ પાઠક
(C) રામનારાયણ વિશ્વનાથ પાઠક
(D) રામનારાયણ વિશ્વેશ્વર પાઠક

6) 'છેલ્લું દર્શન' કાવ્યના આધારે કવિ પત્નીના મૃતદેહને કેવી સામગ્રી ધરવા કહે છે ?

(A) માંગલ્યની
(B) ફૂલોની
(C) કારુણ્યની
(D) પ્રસાદની

7) કૃષ્ણ કદંબ વૃક્ષ નીચે બેસીને વાંસળી વગાડતા હતા તેવું કોણ કોને યાદ કરાવે છે ?

(A) કદંબડાળી-યમુનાને
(B) યમુના-કદંબડાળીને
(C) ભમરો-યમુનાને
(D) ભમરો-ફૂલને

8) મનખાનો મેળો એટલે શું ?

(A) ધાર્મિક મેળો
(B) સામાજિક મેળો
(C) જિંદગીરૂપી મેળો
(D) લાગણીઓનો મેળો

9) સમાજમાં કોની પૂજા થાય છે ?

(A) વ્યક્તિની
(B) વ્યક્તિના કાર્યની
(C) ભગવાનની
(D) લાગણીઓની

10) 'એ લોકો' કાવ્યના સર્જકનું નામ જણાવો.

(A) પ્રિયકાન્ત મણિયાર (B) નરસિંહ મહેતા
(C) અખો (D) યજ્ઞેશ દવે

11) તે સતત ગતિશીલ છે, ઉનાળામાં તે સૂકાઈ પણ જતી નથી. વરસાદમાં પૂરની પણ અસર થતી નથી. કોઈના સાથ-સંગાથની પણ તેને પડી નથી. કાવ્યના આધારે આ બધી ઉપમા નીચેનામાંથી કોને લાગુ પડે છે ?

(A) રસ્તો (B) ઈશ્વર
(C) સમય(પલ) (D) પાણી

12) દેહાભિમાન હૂતો પાશેર, વિદ્યા ભણતાં વાદ્યો શેર,

ચર્ચાવાદમાં તોલે થયો, ગુરુ થયો ત્યાં મણમાં ગયો;

અખા એમ હલકાથી ભારે હોય, આત્મજ્ઞાન મૂળગું તે ખોય,

કાવ્યના આધારે વિદ્યા મેળવવા માટે નીચેનામાંથી કયો ગુણ બાધક બને છે ?

(A) નમ્રતા (B) અભિમાન
(C) પ્રામાણિક (D) શિસ્ત

13) વ્યક્તિનું મૂલ્ય શાનાથી આંકી શકાય નહિ ?

(A) કુળથી (B) ગુણોથી
(C) ધર્મથી (D) વ્યવહારથી

14) સપૂતના લલાટે શું લખેલું છે ?

(A) મૃત્યુ કે સ્વતંત્રતા (B) પરાજય
(C) સુખ (D) ચિંતા

15) 'સાયંકાળે' કાવ્યમાં મોર શું જોઈને ટહુકા કરે છે ?

(A) વાદળો (B) વરસાદ

(C) ધૂળના વાદળો (D) ગાયોને

16) કોના એંધાણ દેખાતા ન હતા ?

(A) પર્વતના (B) વરસાદના

(C) સૂર્યના (D) વાદળના

17) પત્રમાં કોની અદ્ભૂત દુનિયાના દર્શન કરાવવા કહે છે ?

(A) ફેશનની (B) ફિલ્મની

(C) પુસ્તકોની (D) નાટકોની

18) ભરતી સમયે સૂકો દરિયાકાંઠો કેવો લાગે છે ?

(A) જળના બિંદુ જેવો (B) જળના ફૂવારા જેવો

(C) જળના ઘનના ટુકડા જેવો (D) જળ ધોધ જેવો

19) 'ચકલીઓ' પાઠનો પ્રકાર કયો છે ?

(A) લલિત નિબંધ (B) પ્રકૃતિ નિબંધ

(C) ટૂંકી વાર્તા (D) આત્મકથા

20) તૃણના માળામાં કોની શાળા છે ?

(A) લેખકની (B) બાળુવૈદ્યની

(C) કાગડાની (D) ચકલાંની

21) 'હિંદ નું પંખી' ના સર્જક તેમજ અનુવાદકનું નામ જણાવો.

(A) જયંતિલાલ પારેખ (B) જયંત પારેખ

(C) જયંતિ દલાલ (D) જયંત પટેલ

22) વેપારીએ પાંજરામાં પંખીને રાખ્યું હતું. તે હિંદની મુસાફરીએ જતો હતો. એટલે વેપારીએ તે પંખીને પૂછ્યું, 'તારા માટે હું શું લેતો આવું' ? પંખીએ ગુલામીમાંથી મુક્તિ માગી પણ વેપારી ના પાડે છે. આ ગદ્યમાં શેના મહિમાની વાત કરી છે ?

(A) ગુલામીના (B) પાંજરાની

(C) મુસાફરીના (D) મુક્તિના

23) સાબરમતીનું પાણી ગુણ અને પાચનમાં કેવું છે ?

(A) ભારે (B) હલકું

(C) ખારું (D) સાધારણ

24) સત્યના પ્રયોગો આત્મકથાના લેખકનું નામ જણાવો.

(A) નાનાભાઈ

(B) માણિક ગોડઘાટે

(C) મનુભાઈ પંચોળી

(D) મોહનદાસ ગાંધી

25) છાપરા પર ઊભા કરેલા વાંસ રમણના મનમાં શું પેદા કરતા ?

(A) શંકા

(B) ગુસ્સો

(C) કૂતુહલ

(D) ખીજ અને બેચેની

26) પશ્ચિમમાં ક્ષિતિજ પર વાદળા છવાયેલાં હતા. તેથી આથમવા આવેલા સૂરજની રતૂમડી આભા દેખાતી નહોતી; સહેજ વાદળા આછા હતા ત્યાંથી રતાશની નાનીશી લકીર ઘડીભર દેખાઈ ન દેખાઈ ને છવાતાં જતાં અંધકારમાં અલોપ થઈ ગઈ; આ વર્ણન નીચેનામાંથી ક્યા પાઠમાં થયું છે ?

(A) આભલાનો ટુકડો

(B) પેન્સિલ છોલતાં મહેતાજી

(C) થીંગડુ

(D) સંગમશોભના સાબરમતી

27) જાળ કરતાં કરોળિયા પર માણસની નજર જાય છે, પણ પેન્સિલ છોલતાં મહેતાજી સામે નજર જતી નથી ! કરોળિયો ભોંય પર પછડાય તેનું સંવેદન થાય છે, પણ મહેતાજીની આંગળી છોલાય છે, લોહી નીકળે છે તેનું સંવેદન થતું નથી ! આ લખાણના આધારે માણસને કોના પ્રત્યે સંવેદન જાગે છે ?

(A) માણસ

(B) મહેતાજી

(C) લેખક

(D) કરોળિયો

28) પરવાળાના પથ્થર લેખક ક્યાંથી લાવ્યા હતા ?

(A) નદી કિનારેથી

(B) દરિયા કાંઠેથી

(C) તળાવ કાંઠેથી

(D) કૂવા કાંઠેથી

29) મૂલ્યનિષ્ઠ શિક્ષણકાર, બધાને વિવેક આપવો, વહીવટની બાબતમાં દૃઢ, બોલવું ઓછું અને કામ વધારે કરવું. આ ક્યા પાત્ર માટે યોગ્ય છે અથવા બંધબેસતું છે ?

(A) રમણ

(B) પ્રભાશંકર

(C) નાનાભાઈ

(D) ગાંધીજી

30) પ્રભાશંકરને શું ભરતાં સોય આંગળીના ટેરવામાં ખૂપી ગઈ ?

(A) બખિયો

(B) રૂપિયો

(C) કોટ

(D) ખાટલો

31) નીચેનામાંથી કઈ સંધિ સાચી નથી ?

(A) પુરુષોત્તમ = પુરુષ + ઉત્તમ

(B) પ્રત્યેક = પ્રતિ + એક

(C) રવીન્દ્ર = રવ +ઈન્દ્ર

(D) મનોરથ = મનસ્ + રથ

32) 'પર્યાવરણ' ની સાચી સંધિ જણાવો.

(A) પર્યા + વરણ

(B) પરિ + આવરણ

(C) પર્ય + આવરણ

(D) પર + આવરણ

33) 'જીવનસંજીવની' માં કયો સમાસ છે તે જણાવો.

(A) તત્પુરુષ

(B) દ્વન્દ્વ

(C) કર્મધારય

(D) બહુવ્રિહી

34) દેશદેશનાં બાળકોના હસ્તસ્પર્શથી નવજીવન પામેલાં છીપલાંને કાન પર મૂકી સાગરવાણી સાંભળતો સાંભળતો હું દરિયાકિનારે ચાલતો રહું. આ વાકયમાં નીચેનામાંથી કયો સમાસ કર્મધારય છે.

(A) હસ્તસ્પર્શ

(B) દરિયાકિનારે

(C) નવજીવન

(D) સાગરવાણી

35) કોઈનો સાથ હોય કે ન હોય એટલે .....

(A) સાથીદાર

(B) નિઃસંગ

(C) સંગ નિઃસંગ

(D) મિત્રાચાર

36) સાંકડો અને છાયાવાળો ગીચ વનમાર્ગ એટલે ......

(A) કુંજગલી

(B) કેડી

(C) કેડીમાર્ગ

(D) ગલી

37) ................ : મામા, માસા : માસી

(A) માની બહેન

(B) મામી

(C) મામીજી

(D) માસાજી

38) નીચેનામાંથી કયો શબ્દ સ્ત્રીલિંગ નથી ?

(A) નવલિકા

(B) આંખ

(C) સાધ્વી

(D) ચમચો

**39)** નીચેનામાંથી શાનું બહુવચન શક્ય નથી ?

(A) વખાણ

(B) મરઘી

(C) ભાઈ

(D) બહેન

**40)** 'કાગડાઓ પૂરીઓ ખાય છે.' – એકવચન કરો.

(A) કાગડો પૂરીઓ ખાય છે.
(B) કાગડાઓ પૂરી ખાય છે.
(C) કાગડો પૂરી ખાય છે.
(D) એકવચન શક્ય નથી.

**41)** રમણે આકાશ દર્શન કર્યું હતું. આ વાક્યમાં સહાયક ક્રિયાપદ જણાવો.

(A) દર્શન

(B) હતું

(C) કર્યું

(D) એ

**42)** સંજના સુંદર ગીતો ગાતી હશે. સહાયક ક્રિયાપદનો અર્થ બતાવો.
(A) વર્તમાન કાળ

(B) સહાયક ક્રિયાપદ નથી

(C) ભૂતકાળનો અર્થ

(D) ભવિષ્યનો અર્થ

**43)** 'રસિક' શબ્દના ધ્વનિના ઘટકો લખો.

(A) ર+ અ + સ+ ઈ+ ક + અ

(B) ર્ + અ + સ્ + ઈ + ક્ + અ

(C) ર+ આ + સ+ ઈ +ક +અ

(D) ર+ સ + ઈ + ક

**44)** નીચેનામાંથી કયો શબ્દ 'ધરતી' નો સમાનાર્થી નથી ?

(A) વસુધા

(B) અવનિ

(C) ધરા

(D) વ્યોમ

**45)** નીચેનામાંથી કયા જોડકામાં વિરોધી શબ્દ વપરાયેલ છે ?

(A) સૂર્ય × દિનેશ

(B) પાપ × પુણ્ય

(C) આશા × ઈચ્છા

(D) કમળ × પંકજ

**46)** નીચેનામાંથી કયો શબ્દ બંધબેસતો નથી ?

(A) ડરતી

(B) હસ્તી

(C) ભરતી

(D) ધરતી

47) 'સ્વાશ્રયનું મૂલ્ય ઘણું છે' અનુગ શોધો.

(A) નું

(B) અ

(C) ણું

(D) છે

48) 'તમારા ઘર ઘટના બની ગઈ' વાક્યમાં કયો નામયોગી વાપરીને વાક્યને અર્થપૂર્ણ બનાવી શકાય ?

(A) થી

(B) નજીક

(C) માં

(D) એ

49) 'પવન પ્રમાણે પીઠ બદલવી' એટલે ........

(A) પોતાને અનુકૂળ વર્તન કરવું

(B) પવન જે બાજુ તે બાજુ પીઠ રાખવી

(C) પવન હોય તેની વિરૂધ્ધ દિશામાં પીઠ રાખવી

(D) પવનનો સામનો કરી આગળ વધવું

50) ઈચ્છાશક્તિ પ્રબળ હોય તો દરેક કાર્ય સફળ થઈ શકે છે. - આ અર્થ નીચેની કઈ કહેવતમાં છે ?

(A) અધૂરો ઘડો છલકાય ઘણો

(B) મન હોય તો માળવે જવાય

(C) પાણી પહેલા પાળ બાંધવી

(D) કૂવામાં હોય તો હવાડામાં આવે

# 13(G)

(JULY, 2014)

## (Part - B)

*Time : 2 Hours]* *[Maximum Marks : 50*

સૂચનાઓ :

1) સ્પષ્ટ વંચાય તેવું હસ્તલેખન જાળવવું.
2) આ પ્રશ્નપત્રના ભાગ-**B** માં ચાર વિભાગ છે અને પ્રશ્નનો ક્રમ 1 થી 14 છે.
3) બધા જ પ્રશ્નો ફરજિયાત છે. આંતરિક વિકલ્પો આપેલા છે.
4) પ્રશ્નની જમણી બાજુંના અંક તેના ગુણ દર્શાવે છે.
5) નવો વિભાગ નવા પાના પર લખવો.
6) પ્રશ્નોના જવાબ ક્રમમાં લખવા.

### વિભાગ - A

■ નીચે આપેલા પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર આપો. (દરેકના 2 ગુણ) **[8]**

1) શ્રી કૃષ્ણનું સતત દર્શન થતું રહે તે માટે મીરાંબાઈ શું ઈચ્છે છે ?

2) સ્વતંત્રતા ન મળે ત્યાં સુધી સપૂત કઈ કઈ પ્રતિજ્ઞાઓ કરે છે ?

અથવા

કવિ માનવજીવનની સફળતા શેમાં જુએ છે ?

3) માનવ સ્વભાવ વિશે કવિ કયું દુઃખ અનુભવે છે ?

4) પ્રથમ મુક્તકમાં ગુણનું મહત્ત્વ કઈ રીતે સમજાવાયું છે ?

■ **નીચે આપેલા પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર આપો. (દરેકના 2 ગુણ)** **[4]**

5) 'જીવનમૂલ્યો' ને પત્રલેખનના આધારે સવિસ્તાર સ્પષ્ટ કરો.

અથવા

છેવટે ભેટ સંદર્ભે ગાંધીજીએ શો નિર્ણય લીધો ?

6) ચકલીઓને લીધે લેખક કેવો ત્રાસ અનુભવતા હતા ?

■ **નીચેના પ્રશ્નોના ચાર-પાંચ વાક્યમાં ઉત્તર આપો. (દરેકના 3 ગુણ)** **[3]**

7) દક્ષાએ ત્રીજા માળની ઓરડી કેમ પસંદ કરી ?

અથવા

કોટને થીંગડું દેવામાં પ્રભાશંકરને શી મુશ્કેલીઓ પડી ?

## વિભાગ -B

■ **નીચે આપેલા ગદ્યખંડનું વિસ્તૃતીકરણ કરો.** **[5]**

8) પહેલાનાં જમાનામાં અને આજના જમાનામાં ઊંચા જીવન વિશેના ખ્યાલોમાં જમીન આસમાનનું અંતર છે. પહેલાનાં જમાનામાં પ્રામાણિક, પવિત્ર અને સદાચારી જીવન ઊંચું ગણાતું. ''હાથના પ્રતાપે દહાડો કાઢીશ'' એવી ભાવના રહેતી. આજે હાથનો ઉપયોગ બીજાનું ઝૂંટ મારીને પડાવી લેવા માટે થાય છે. હાથનો સાચો ઉપયોગ થાય તો ક્યારેય તંગી ન વરતાય.

■ **નીચેની પંક્તિઓનો અર્થવિસ્તાર કરો:-** **[5]**

9) સફળતા જિંદગીની હસ્તરેખામાં નથી હોતી,
ચણાયેલી ઈમારત તેના નકશામાં નથી હોતી.

અથવા

મરતાં મરતાં સંતો બીજાઓને સુખી કરે;
બળતો બળતો ધૂપ સુવાસિત બધું કરે.

## વિભાગ - C

**10) નીચેનું કાવ્ય વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો.** **[5]**

આપણે ભરોસે આપણે હાલીએ,
હો ભેરુ મારા, આપણે ભરોસે આપણે હાલીએ.
એક મહેનતના હાથને ઝાલીએ,
હો ભેરુ મારા, આપણે ભરોસે આપણે હાલીએ.
ખુદનો ભરોસો જેને હોય નહીં રે,
તેનો ખુદાનો ભરોસો નકામ;
છો ને એ એકતારે ગાઈ ગાઈને કહે,
'તારે ભરોસે, રામ !'
એ તો ખોટું રે ખોટું પિછાણીએ, હો ભેરુ.
બળને બાહુમાં ભરી, હૈયામાં હામ ધરી,
સાગર મોઝારે ઝુકાવીએ ;
આપણા વહાણના સઢને સુકાનને,
આપણે જ હાથે સંભાળીએ, હો ભેરુ.
કોણ રે ડુબાડે વળી કોણ રે ઉગારે,
કોણ લઈ જાય સામે પાર ?
એનો કરવૈયો કો આપણી બહાર નહીં,
આપણે જ આપણે છઈએ હો ભેરુ.

– પ્રહ્‌લાદ પારેખ

પ્રશ્નો :-

1) 'તારે ભરોસે રામ' એવું ગાનારને કવિ શા માટે ખોટો કહે છે ?

2) કવિ સાગરમાં કેવી રીતે અને શું ઝુકાવવા માગે છે ?

3) 'આપણે જ આપણે છઈએ' – આ પંક્તિ સમજાવો.

4) કવિ કોનો હાથ ઝાલવાની વાત કરે છે ? શા માટે ?

5) આ કાવ્યનું યોગ્ય શીર્ષક આપો.

11) નીચે આપેલો ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો. [5]

એક અંગ્રેજ કવિએ કહ્યું છે કે, 'જો તમે હસશો તો જગત તમારી સાથે હસશે, પરંતુ રડશો તો તમારે એકલાએ જ રડવું પડશે.' 'જિંદગી એટલે સુખદુ:ખનો સરવાળો.' પરંતુ આનંદ અને ઉલ્લાસથી, ખુમારી અને ખમીરથી, તેજ અને તરવરાટથી હસતાં હસતાં પણ જીવન વિતાવી શકાતું હોય તો પછી દુ:ખી થઈને શા માટે જીવવું ? ગુલાબી સ્વભાવનો માનવી ગુલાબની જેમ પોતાની સુગંધને પ્રસરાવતો જીવન પસાર કરતો હોય છે. તેને જોઈને બીજાના મુખ પર સ્મિત ફરકે છે. કોઈએ ઉચિત જ કહ્યું છે કે 'જિંદગી ખૂબ જ ટૂંકી છે, આનંદપૂર્વક જીવો.' માટે જીવનને સુંદર રીતે પસાર કરવા હાસ્ય કે હળવા દષ્ટિબિંદુને જીવનમાં ઉચિત સ્થાન આપવું જોઈએ. પરંતુ આનો અર્થ એ નથી કે આપણે જીવનમાં કોઈ વાત કે પ્રસંગને ગંભીરતાથી મહત્ત્વ ન આપીએ. આપણું જીવન એટલું છીછરું ન હોવું જોઈએ કે આપણે બીજાંઓના હાસ્યપાત્ર બની જઈએ. જીવનમાં ગંભીરતા જેટલું જ હળવાશનું મહત્ત્વ છે. ગંભીરતા અને હળવાશના સમન્વયથી ભરપૂર જીવન જીવવામાં જ સાચી કલા રહેલી છે.

પ્રશ્નો :-

1) હસવા અંગે એક અંગ્રેજ કવિએ શું કહ્યું છે ?

2) જિંદગી એટલે શું ?

3) જીવન કેવી રીતે વિતાવવું જોઈએ ?

4) ગુલાબી સ્વભાવના માણસની શી વિશેષતા હોય છે ?

5) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

12) તમે ઉનાળાની રજાઓ કેવી રીતે પસાર કરવાના છો તે જણાવતો પત્ર તમારા મિત્રને લખો. [5]

અથવા

ભારે વરસાદને કારણે થયેલા નુકસાનનો અહેવાલ આશરે 100 શબ્દોમાં લખો.

## વિભાગ - D

**13) ભાષાશુદ્ધિ જાળવી ફકરો ફરીથી લખો.** **[2]**

દક્ષાએ પેલી બે માળની અગાસીમાંથી ઘાંટો પાડયો રમણને એની આખી જીંદગીમાં આવી રીતનું સંબોધન સાંભળવાનો આ પહેલો જ પ્રસંગ હતો. 'શું હશે '

**14) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર આશરે 150 (એકસો પચાસ) શબ્દોમાં નિબંધ લખો.** **[8]**

1) ન જોઈએ પરીક્ષાઓ !
- પ્રસ્તાવના
- પરીક્ષા પધ્ધતિનાં દૂષણો અને પરિણામો
- ઉપસંહાર

2) પાણી બચાવો, પાણી તમને બચાવશે.
- પ્રસ્તાવના
- પાણીનું જીવનમાં મહત્ત્વ અને ઉપયોગ
- પાણીનો બગાડ થતાં અટકાવવાના પ્રયત્નો
- ઉપસંહાર

❄❄❄